*<u>માનનીય અધ્યક્ષ શ્રી, આજનો મારો વિષેય આબોહવા પરિવર્તન એટલે ક્લાઇમેટ ચેંજ છે.</u>*

**માનનીય અધ્યક્ષશ્રી**, આપણા ગ્રહ - આબોહવા પરિવર્તનનો સામનો કરી રહેલા સૌથી ગંભીર પડકારો પૈકી એકના વિષેય પર આપ સમક્ષ થોડી માહિતી આપવા માંગુ છું. આબોહવા પરિવર્તન એટલે ક્લાઇમેટ ચેંજ - તે એક વૈશ્વિક મુદ્દો છે જેના માટે આપણા બધા તરફથી તાત્કાલિક અને સામૂહિક પગલાંની જરૂર છે. આબોહવા પરિવર્તનના પરિણામો પહેલેથી જ સ્પષ્ટ છે, જે વિશ્વભરના સમુદાયો, ઇકોસિસ્ટમ્સ અને અર્થતંત્રોને અસર કરે છે. આપડી જવાબદારી સ્પષ્ટ છે, આવનારી પેઢીઓ માટે ટકાઉ અને સમૃદ્ધ ભવિષ્યને સુરક્ષિત કરવા માટે આપણે આ મુદ્દાને આગળ ધપાવવોજ જોઈએ.

**માનનીય અધ્યક્ષશ્રી**, પ્રથમ અને અગ્રણી, આપણે આબોહવા પરિવર્તન પર જબરજસ્ત વૈજ્ઞાનિક સર્વ-સંમતિને સ્વીકારીએ. આબોહવા પરિવર્તન પરની આંતર-સરકારી પેનલ અને વિશ્વભરની અસંખ્ય વૈજ્ઞાનિક સંસ્થાઓએ આકર્ષક પુરાવા પ્રદાન કર્યા છે. માનવ પ્રવૃત્તિઓ, ખાસ કરીને વધુ પડતો અશ્મિભૂત ઈંધણ નો વપરાશ અને અતિશય વન નાબૂદી, જે મૂળ કારણો આપડા આબોહવાને અભૂતપૂર્વ ફેરફારો તરફ દોરી રહ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી**, આબોહવા પરિવર્તનની અસરો દૂરગામી છે અને આપણા ગ્રહના દરેક ખૂણાને અસર કરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી**, માનનીય શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા ૨૦૦૯ માં સપ્ટેમ્બર ૧૭ ના રોજ, આબોહવા પરિવર્તન અંગે સચોટ પગલાં લેવાના હેતુ થી એક અલગ ક્લાઇમેટ ચેન્જ વિભાગ ની રચના ગુજરાત રાજ્યમાં કરવામાં આવી.

**માનનીય અધ્યક્ષશ્રી**, ક્લાઇમેટ ચેંજ નો વિભાગ એ એશિયા ખંડ નો પહલો અને વિશ્વ માં ચોથો ઉપ-રાષ્ટ્રીય સરકારી વિભાગ છે.

**માનનીય અધ્યક્ષશ્રી**, ગુજરાત રાજ્ય દ્વારા લગ-ભગ ૧૧૦ વિવિધ યોજનાઓ રાજ્યના ૨૭ જેટલા વિભાગો માટે કાર્યરત કરેલ છે, જેમાંથી અમુક રાષ્ટ્રીય સ્તરે પણ કાર્યરત છે.

**માનનીય અધ્યક્ષરી**, રાજ્ય માં અમુક કાર્યરત યોજનાઓ વિષે વાત કરું તો - સરકારી ઇમારતો પર સોલર સિસ્ટમ, બેટરી સંચાલિત દ્વિ ચકરી વાહનો માટે સબસિડી, ઘરેલુ રુફ ટોપ સોલર માટે સબસિડી, સરકારી શાળાઓ માં - ઉર્જા કાર્યક્ષમ પંખા બેસાડવા, સરકારી છાત્રાલયો, સરકારી આદર્શ નિવાસી શાળાઓ, યાત્રાધામ વિશરામ-ગૃહો પર સોલર વોટર હીટિંગ સીસ્ટમ બેસાડવી, સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ માટે સબસિડી યોજના, વગેરે વગેરે.

**માનનીય અધ્યક્ષશ્રી**, તા: ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ કુલ કુલ ૨૪૫૧ સરકારી ઇમારતો પર ૧૦૦% સંપૂર્ણ સરકારી સહાય લેખે રૂ.૨૬૪.૯૯ કરોડ ના ખર્ચે ૪૮.૭૮ મેગાવોટ રૂફટોપ સોલર કાર્યરત કરવામાં આવેલ છે. તેમજ

**માનનીય અધ્યક્ષશ્રી**, તા: ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ ૫૫૯ સરકારી છાત્રાલયો, સરકારી આદર્શ નિવાસી શાળાઓ, યાત્રાધામ વિશ્રામગૃહો જેવા સ્થળો પર ૧૦૦% સંપૂર્ણ સરકારી સહાય લેખે ૨૦,૬૦,૦૦૦ લિટર પ્રતિ દિવસ ક્ષમતાના સોલર વોટર હીટિંગ સીસ્ટમ કુલ રૂ.૩૧.૫૬ કરોડ ના ખર્ચે સ્થાપવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી**, ક્લાઇમેટ ચેંજ વિભાગ દ્વારા રાજ્ય માં સવછ અને હરિયાળા વીજ ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્ય સરકારે જાહેર કરેલ પવન ઉર્જા નીતિ – ૨૦૧૬ હેઠળ, ચાલુ વર્ષ દરમ્યાન ૬૩૧.૦૭ મેગાવોટ ક્ષમતાની પવન ચક્કી ના વિન્ડ ફાર્મ, ડિસેમ્બર ૨૦૨૩ સુધી માં કાર્યરત કર્યા છે, જેથી રાજ્ય ની કુલ પવન ઉર્જા ની ક્ષમતા વધીને ૧૦,૪૩૦.૨૩ મેગાવોટ થઈ છે.

**માનનીય અધ્યક્ષશ્રી**, સોલર વિદ્યુત નીતિ ૨૦૨૧ હેઠળ ચાલુ વર્ષ દરમિયાન ગુજરાત રાજ્ય માં કુલ ૧,૧૮૮.૫ મેગાવોટ કુલ ક્ષમતા ના પાવર પ્લાન્ટ ડિસેમ્બર ૨૦૨૩ સુધી માં કાર્યરત કર્યા છે, જેથી રાજ્ય ની કુલ સોલર ઉત્પાદન ની ક્ષમતા ૧૦,૪૦૬.૫૧ મેગાવોટ થઈ છે.

**માનનીય અધ્યક્ષશ્રી**, રાજ્ય સરકાર ની નિતિયો ગુજરાત ના આર્થિક વિકાસ માટે નીચા કાર્બન પાથવેને સક્ષમ બનાવા કાર્યરત છે, તે ગુજરાત ના લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવાનો સંપૂર્ણ પ્રયાસ કરી રહ્યું છે, તથા ગુજરાતના લોકો માટે ટકાઉ આબોહવા અને સ્થિતિસ્થાપક ભવિષ્ય માટે ગ્રીન હાઉસ વાયુઓના ઉત્સર્જનનું શમન કરવા નો સંપૂર્ણ પ્રયાસો માટે કાર્યરત છે. એ સાથે ક્લાઈમેટ ચેન્જ પર રાજ્યના સમુદાયોને સશક્તિકરણ, જનજાગૃતિ, શિક્ષણ અને ક્ષમતા ના નિર્માણ હેતુ માટે પણ કાર્યરત છે.

આભાર..